મંદિર, મસ્જિદ ભટકતે,
કિસે મિલા ભગવાન?
સેવા, કરૂણા, પ્યાર સે
સ્વયં બને ભગવાન
- પ્રાચિન દોહો

આપણું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૨૯) અંક નં. ૧૮૪ ૧૫ સપ્ટેમ્બર, ૨૦૧૪, સોમવાર; ભાદરવા વદ - ૭ પાનાં - ૮ કિંમત રૂ. ૧.૮૦

વાઘબકરી ટી ગ્રૂપ
૨૫૦ ગ્રામ મિલી ચા સાથે
એક આકર્ષક બહુઉપયોગી જાર ફ્રી*
*conditions apply • વધુ માહિતી માટે ફોન કરો : 079-66066246

# ગાંધીનગરમાં ત્રણ દિવસ માટે હાઈ એલર્ટ

## પાટનગરમાં જડબેસલાક પોલીસ બંદોબસ્ત : આજથી સુરક્ષાનો મોરચો સંભાળ્યો : તમામ સર્કલો પર પોલીસ પોઈન્ટ મુકી સઘન વાહન ચેકીંગ શરુ કરાયું : કોમ્બીંગ નાઈટ ૧૭મી સુધી રહેશે : શહેરના તમામ સીસીટીવી કેમેરા પર વૉચ

ગાંધીનગર, તા.૧૪

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીના આગમનને પગલે ગાંધીનગરમાં ત્રણ દિવસ માટે હાઈ એલર્ટ જારી કરી દેવામાં આવી છે. મોદીની સુરક્ષામાં સ્હેજ પણ ખામી ન રહી જાય તે માટે એક તરફ એસપીજી તો બીજી તરફ વિવિધ જિલ્લાઓમાંથી આવેલી પોલીસ દ્વારા ખાસ તકેદારી રાખવામાં આવી રહી છે. શહેરમાં લગાડવામાં આવેલા તમામ સીસટીવી કેમેરા તથા ગેસ્ટ હાઉસના સીસીટીવી કેમેરાઓ પર પોલીસની સતત વૉચ છે. તે ઉપરાંત ૧૭મી સુધી કોમ્બીંગ નાઈટની સાથે સઘન વાહન ચેકીંગ શરુ કરી દેવામાં આવ્યું છે. પાટનગરમાં બંદોબસ્તનો મોરચો સંભાળી લેનાર પોલીસને ડયુટી પોઈન્ટ સોંપી દેવાતા પાટનગર લશ્કરી છાવણીમાં ફેરવાઈ ગયું છે.

મોદીના આગમનને લઈ એક તરફ વહીવટી તંત્ર સ્વાગતમાં કોઈ કચાશ ન રહી જાય તેની ખાસ તકેદારીના ભાગરુપે શહેર આખામાં મેક અપ કરી રોશની લગાડી રોડ રસ્તાઓ ટીપટોપ બનાવવામાં વ્યસ્ત થઈ ગયું છે. તો બીજી તરફ કાયદો અને વ્યવસ્થાની સ્થિતિને ધ્યાને લઈને પોલીસ તંત્ર એસપીજીની ટીમને સાથે રાખીને તેના માર્ગદર્શન મુજબ સુરક્ષા સંબંધીત તમામ તકેદારીઓ રાખી રહ્યું છે. જેને પગલે રસ્તા બ્લોક કરવાથી માંડીને વિવિધ સર્કલો પર પોલીસ પોઈન્ટ, તમામ એન્ટ્રી-એકઝીટ પોઈન્ટ પર સઘન વાહન ચેકીંગ સહિતની તૈયારીઓ થઈ ગઈ છે. વાહન ચેકીંગ સઘન બનાવી દીધા

● અનુસંધાન પાન-૭ પર



## સે-૨ ૨ નસીબદાર..!

### રોડ-રસ્તા-મરામત-સાફ-સફાઈ-રંગ રોગાન સહિતનું કામ તંત્રએ રાતોરાત પાર પાડી સે-૨ ૨ની શકલ બદલી નાંખી

ગાંધીનગર, તા.૧૪

નરેન્દ્ર મોદી વડાપ્રધાન થયા બાદ ગાંધીનગરમાં પ્રથમવાર આવી



રહ્યા છે ત્યારે વિવિધ વિભાગો ધંધે લાગી ગયા છે. શહેરમાં રસ્તાઓ ની

● અનુસંધાન પાન-૭ પર

## પેટા ચૂંટણીમાં મતદાન મામલે હારજીતના ગણિત મંડાયા

ગાંધીનગર, તા.૧૪

પેટા ચૂંટણીઓ પૂરી થતાં જ કઈ બેઠક પર કેટલું મતદાન થયું અને કઈ બેઠકો જીતી શકાશે તેના આંકડા ઉમેદવારો પક્ષોના રાજકીય પંડીતો માંડવામાં વ્યસ્ત બન્યા છે.

ગુજરાતની બરોડા લોકસભા બેઠક ઉપરાંત વિધાનસભાની તળાજા, માંગરોળ, જામખંભાળીયા, મણિનગર, ડીસા, માતર, આણંદ, લીમખેડા અને ટંકારા એમ નવ બેઠકોની પેટા ચૂંટીઓ ગઈ કાલે સંપન્ન થઈ ગઈ.

આ પેટા ચૂંટણીઓમાં સરેરાશ અંદાજે ૫૦ થી ૫૧ ટકા જેટલું મતદાન થવા પામ્યું છે જો કે બરોડા લોકસભા બેઠક અને મણિનગર વિધાનસભા બેઠક પર ઓછું મતદાન થવા પામ્યું છે. જયારે બાકીની આઠ વિધાનસભા બેઠકો પર ૫૦ ટકા કરતાં વધુ મતદાન નોંધાયું છે.

પેટા ચૂંટણીઓ ગઈ કાલે પૂરી થતાં જ દરેક વિધાનસભા બેઠક પર બુથવાઈઝ કેટલું મતદાન થયું મતદાનનો ટ્રેડ કેવો રહ્યો કોના તરફી મતદાન થયું છે આ તમામ બાબતો અંગેની સમીક્ષા રાજકીય પંડીતો દ્વારા કરવામાં આવી રહી છે અને કઈ બેઠકો પર કોણ જીતી શકશે તેના આંકડાઓ માંડવામાં રાજકીય પંડીતો અને ઉમેદવારો વ્યસ્ત બન્યા છે.

પેટા ચૂંટણીમાં થયેલા ભારે મતદાનને પગલે ભાજપ અને કોંગ્રેસ બંને પક્ષો દ્વારા જીતના દાવા કરવામાં આવી રહ્યા છે પરંતુ ૧૬મીએ જાહેર થનાર પરિણામ બાદ જ ખ્યાલ આવશે કે કેટલી બેઠકો પર કોણે વિજયનો તાજ મેળવ્યો છે.



નગરે સજ્યા શણગાર - ગાંધીનગર શહેર શણગાર સજી રહ્યું છે... રોશનીથી ઝળહળી રહ્યું છે... પ્રધાનમંત્રીશ્રી નરેન્દ્ર મોદીને આવકારવા નગરને શણગારવામાં આવી રહ્યું છે.. સાથે સાથે નગરના મુખ્ય માર્ગો પર રોશની કરવામાં આવી રહી છે. આ ઉપરાંત સરકારી ઈમારતોને પણ શણગારવામાં આવી છે... નગર આખું ઝળહળા થઈ રહ્યું છે... (તસવીર : કશ્યપ નિમાવત)

## આદર્શ ગામ બનાવવા માટે પરેશ રાવલ ગામે ગામ ફરી રહ્યા છે

### રાજપુરામાં અનોખી ચિંતન બેઠક : પ્રધાનમંત્રીની આદર્શ ગામની કલ્પનામાં સ્વાવલંબન અગ્રતા છે : પરેશ રાવલ

ગાંધીનગર, તા.૧૪

પ્રધાનમંત્રીશ્રી નરેન્દ્ર મોદીની કલ્પનાનું આદર્શ ગામ બનાવવા માટે



સાંસદશ્રી પરેશ રાવલ જિલ્લાના ગ્રામ્ય વિસ્તારના વ્યાપક પ્રવાસે છે. તેઓએ આજે આદર્શ ગામની પરિકલ્પનાને લઈ સાદરા નજીકના રાજપુર-જાખોરા ગામે એક ચિંતન બેઠક પણ કરી હતી.

રાજપુરા ગામે આજે યોજાયેલી ચિંતન બેઠકમાં જિલ્લા પંચાયતના પ્રમુખ શ્રીમતિ હીનાબેન પટેલ, તાલુકા પંચાયતના પ્રમુખશ્રી કાળુસિંહ, જિલ્લા પંચાયતના સદસ્યો તેમજ શ્રી દિલીપભાઈ પટેલ, શ્રી કોદરભાઈ પટેલ સહિતના આગેવાનો મોટી સંખ્યામાં જોડાયા હતા.

સાંસદશ્રી પરેશ રાવલે ગામના પ્રશ્નોની જાણકારી મેળવી અને ગામના વિકાસની ખૂટતી કડીઓને કેવી રીતે જોડી આદર્શ ગામ બનાવી શકાય તે વાત બેઠકમાં કરી હતી. શ્રી રાવલે ગામના આગેવાનો અને જિલ્લાના

● અનુસંધાન પાન-૭ પર

# હવે, ગામોમાં પણ ડોર ટુ ડોર કલેક્શન

## રાજ્ય સરકારે ૫ હજારથી વધુ વસ્તી ધરાવતા ગામોને મહાત્મા ગાંધી સ્વચ્છતા મિશનમાં આવરી લઈ યોજના અમલી બનાવી ગાંધીનગર જિલ્લાને રૂ. ૧૭,૨૧,૪૦૦૦ની ફાળવણી કરાઈ : પ્રથમ તબક્કામાં ૧૦ જિલ્લાઓમાં આ પ્રોજેક્ટ માટે પરિવહન સહાય આપવામાં આવશે

ગાંધીનગર, તા.૧૪

સ્વચ્છ ગામ - સ્વસ્થ ગામની કલ્પનાને સાકાર કરવા માટે રાજ્ય સરકાર હવે ૫ હજારથી વધુ વસ્તી ધરાવતા ગામોમાં પણ ડોર ટુ ડોર કચરા કલેક્શનનો પ્રોજેક્ટ અમલી બનાવશે. આ માટે પરિવહનનો ખર્ચ રાજ્ય સરકાર ઉઠાવશે.

રાજ્યના દસ જિલ્લાઓમાં પહેલાં આ પ્રોજેક્ટ અમલી બનશે. આ પછી ક્રમશઃ બીજા જિલ્લાઓને આવરી લેવામાં આવશે.

મહાત્મા ગાંધી સ્વચ્છતા મિશન અંતર્ગત સ્વચ્છ ગામ - સ્વસ્થ ગામ માટે સરકારે બજેટમાં પણ જોગવાઈ કરી છે. આ પ્રોજેક્ટ માટે રાજ્ય સરકારે જે ૧૦ જિલ્લાની પસંદગી કરી છે તેમાં નર્મદા નર્મદા, તાપી, સુરત, આણંદ, ગાંધીનગર, મહેસાણા, રાજકોટ, સુરેન્દ્રનગર, વડોદરા અને પોરબંદરનો સમાવેશ થાય છે.

ગાંધીનગર જિલ્લામાં આ પ્રોજેક્ટ માટે રાજ્ય સરકારે હાલ રૂ. ૧૭,૨૧,૪૦૦ની ગ્રાન્ટ ફાળવણી પર કરી દીધી હોવાનું જાણવા મળેલ છે. મળતી વિગતો મુજબ ગતિશીલ ગુજરાતમાં જિલ્લાની નબળી કામગીરી પછી સરકારે આ દિશામાં ગતિ આપવાનો સકારાત્મક અભિગમ અપનાવ્યો હોવાનું મનાઈ રહ્યું છે.

જિલ્લામાં પાંચ હજાર કે તેથી વધુ વસ્તી ધરાવતા ગામોની સંખ્યા, ત્યાં ઘન કચરાના નિકાલની હાલની વ્યવસ્થા સહિતની બાબતોને લઈ તંત્ર પાસે વિગતવાર અહેવાલ પણ માંગ્યો હોવાનું જાણવા મળેલ છે.

મળતી વિગતો પ્રમાણે સરકારે આ પ્રોજેક્ટના અમલીકરણને લઈ તંત્રને પણ દર મહિને નિયમિત અહેવાલો મોકલવા તાકિદ કરવામાં આવી છે.

રાજ્ય સરકારે ડોર - ટુ - ડોર કચરાનું કલેક્શન કરીને તથા ગામની શેરીઓની સફાઈ કરી લેન્ડ ફિલ્ડ સાઈટ સુધી કચરો લઈ જવા પરિવહન સહાય માટે ગામના ઉપલબ્ધ સંશાધનો બાદ કરતાં ખુટતી રકમ માટે વ્યક્તિદીઠ રૂ. ૨ની માસિક સહાયની ખાતરી આ યોજનામાં આપી છે.

આ યોજનાના અમલીકરણ માટે ગ્રામ પંચાયતે ફરજીયાત સફાઈ કર વસુલવાનો રહેશે. ડોર ટુ ડોર કલેક્શન માટે કુટુંબ દ્વારા પણ ફાળો આપવાનો રહેશે. પ્રથમ લેન્ડ ફિલ્ડ સાઈટ મનરેગાની ગ્રાન્ટમાંથી ફરજીયાત બનાવવાની રહેશે.

લેન્ડ ફિલ્ડસાઈટ સુધી કચરો લઈ જવા માટે ટ્રેક્ટર કે અન્ય સાધન સાથે મજૂરો સહિતની કામગીરી આઉટ સોર્સથી કરવાની રહેશે. તલાટીએ અલગથી પ્રમાણપત્ર આપવાનું રહેશે. ગ્રામ પંચાયતને દર માસે ઠરાવ કરી કામગીરીની વિગતો આપવાની રહેશે.

રાજ્ય સરકારે સ્વચ્છ ગામ - સ્વસ્થ ગામ માટે પશુપાલક મહિલાઓ

● અનુસંધાન પાન-૭ પર

ટચુકડી
જાહેર ખબર
દર ગુરુવારે-રવિવારે
ગાંધીનગર સમાચાર
ફોન : ૨૩૨૨૨૫૭૧

